સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

પરિકરના વર્તુળમાં આવે એવા રહ્યા નથી,
નિષ્ઠા પકડી રાખો એવા પરિકર રહ્યા નથી.
રહ્યા નથી નેતા સરળ-સાચા ને સિદ્ધાંતવાદી -
મનોહર જેવા નેતા રાજકારણે રહ્યા નથી...
('પરિકર' એટલે 'કમરબંધ')

હાઈકુ

રાજકારણે -
સત્યને સાદગીને
થયું કેન્સર !

સાચવી રાખ્યા,
રફાલ દસ્તાવેજ
જીવ-પર્યંત...

ચિંતન

યથા મૃદિ ઘટો નામ કનકે કુણ્ડલાભિધા ।
શુક્તો હિ રજતખ્યાતિ જીવશબ્દસ્તથા પરે ॥

ઉપરોક્ત શ્લોક 'બ્રહ્મસૂત્ર' માંથી લેવામાં આવેલ છે.

જેમ માટીમાં ઘડો એવું નામ, સોનામાં કુંડળ એવું નામ, ને છીપમાં મોતી એવું નામ છે. તેમ બ્રહ્મમાં જીવ એવું નામ છે. વાસ્તવમાં જીવ બ્રહ્મથી જુદો નથી.

સુવર્ણ - 'સુવર્ણ' જ છે. એમાંથી બનતાં 'વીંટી', 'ચેન' - કુંડળ જેવા દાગીના અલગ-અલગ નામ ધરી પોતાનું મહત્ત્વ દર્શાવે છે બાકી તો 'સોનું' જ છે.

- એમ જીવ પણ 'બ્રહ્મ'નું જ સ્વરુપ છે પણ જીવ પોતાને જુદા જુદા નામધારી સ્વરુપ સમજી જાતને ભૂલી પોતાનું અલગ સ્વરુપ સમજી અભિમાનમાં રહે છે.

સુવિચાર

- મનુષ્ય તો કેવળ વચન જ આપી શકે છે, તે વચનને સફળ કરવું જેના હાથમાં છે તેના પર જ ભરોસો રાખવો ઉચિત છે - **રવિન્દ્રનાથ ટાગોર**
- વહેતું જળ જેમ માર્ગમાં આવતાં ખાબોચિયાંને ભર્યા વિના આગળ વધતું નથી, તેમ દયાળું માણસ દુઃખી દૂર કર્યા વિના એક ડગલું પણ આગળ વધતું નથી - **હરિભાઈ કોઠારી**
- જીવતા માણસ માટે પાપથી ભરેલા અંતઃકરણની પીડા જ નરક છે - **બોધિવૃક્ષ**
- યોગી તો આપણી વચ્ચે જ હોય, પણ તેનાં તમે દર્શન ન કરી શકો, કેમ કે તમો દર્શનનાં નહિ, પણ પ્રદર્શનનાં મોહી થયા છો - **સ્વામી સચ્ચિદાનંજી**
- એક ક્ષણવાર પણ બંધન ગમે નહીં ત્યારે વિતરાગના વિજ્ઞાનને સમજવાને પાત્ર થયો કહેવાય - **આપ્તસૂત્ર**
- 'પ્રોબ્લેમ' ઊભા ન થાય, તેનું નામ મુક્તિ, તમે મને ગાળો આપો તો પણ મને 'પ્રોબ્લેમ' ઊભો ના થાય તે તમારે ઊભો થાય, કારણ કે તમે બંધાયેલો છો, અજ્ઞાનના દોરડાથી - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : પાંચ ગ્રામ જેટલા કાળા તલ ચાવી ચાવીને ખાઈ તેની પર નવશેકું ગરમ પાણી પીવાથી કબજિયાત મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મક્કાથી બેસહારા બની મદીના આવેલા લોકોને મદીનાવાસીઓએ રોજી-રોટી, ઘર વગેરે આપી મદદ કરતા પણ મક્કાના હજરત અબ્દુલ રહેમાનને હરામનું ખાવું જરાયે મંજૂર ન હતું. મદીના વાસી શેઠે તેમને કંઈક મદદ આપવા બોલાવ્યા ત્યારે રહેમાને જવાબમાં કહ્યું, 'શેઠ એ તો તમારી મોટાઈ છે કે આપ અમને દાનમાં કંઈક આપવા તૈયાર થયા છો પણ એમ બેઠા બેટા આવો લાભ લેવો એ ગુનો છે. એ તો હરામનું ખાવા બરાબર છે. શેઠે કહ્યું, 'પણ એ સિવાય આપની પાસે તુરંત કયા કોઈ ઉપાય કે પ્રયોજન છે?' અબ્દુલ રહેમાને કહ્યું, 'રસ્તો તો મળશે. મને ખુદા પર વિશ્વાસ છે.' હઝરત અબ્દુલ રહેમાન હજારમાં ગયા. ત્યાં પોતાના ખિસ્સામાં પડેલ છેલ્લા બે દીનાર કાઢ્યા અત્યારે તેમની પાસે બે દીનાર સિવાય જીવનનિર્વાહ માટે કોઈ સાધન ન હતું. એમને એ છેલ્લા બે દીનારનું જોખમ લીધું અને એક દીનારનું ઘી લીધું અને બીજા દીનારમાંથી ખજૂર લીધું. અને થોડી જ વારમાં ઘી અને ખજૂર વેચાઈ ગયા. તેમની નિષ્ઠા, ઈમાનદારી અને મહેનતને કારણે એમનો વેપાર સારો ચાલવા લાગ્યો અને થોડા જ સમયમાં તેઓ મદીનાના મોટા ઘી તથા ખજૂરના વેપારી બની ગયા. તેમનો માલ સેંકડો ઊંટો પર લદાઈને આજુબાજુના દેશોમાં પણ જવા લાગ્યો. હવે, એમને પેલા શેઠે પૂછ્યું, 'બે દીનારમાંથી આટલું મોટું વેપારી સામ્રાજય આપે કેવી રીતે ઊભું કર્યું.' હઝરત અબ્દુલ રહેમાને કહ્યું, 'હરામનું ન ખાવાની મારી ટેવનું આ પરિણામ છે.'

રોલ મોડેલ રાજપુરુષની વિદાય

તંત્રીસ્થાનેથી...

ચોમેર નિરાશાના વાતાવરણ વચ્ચે કાળા ડિબાંગ વાદળો વચ્ચે ઝબૂકતી વીજરેખા જેવા પ્રતાપી રાજપુરુષ એવા મનોહર પારિકરની વિદાય માત્ર એમના હોમ સ્ટેટ ગોવા માટે કે એમની રાજકીય પાર્ટી પૂરતી જ નહીં બલકે સમસ્ત ભારતીય રાજકારણ માટે વિષાદપ્રેરક છે. અણિ શુદ્ધ રાજકીય ચારિત્ર્યના અનોખા રોલ મોડલ મનોહર પારિકર મૂળે તો સંઘની જ પ્રોડક્ટ અને છોગામાં પાછા આઈઆઈટી ઈજનેર. આવી હાઈ ક્વોલિફીટ વ્યક્તિ આજના ગંદા રાજકારણમાં નભે જ નહીં, પણ પારિકર જુદી જ માટીના જણ હતા. એમને સંઘની વિચારધારાથી ચીલો ચાતરીને ખ્રિસ્તી પ્રજાનાં દિલ જીત્યાં અને માપૂસાના આ રહેવાસીએ પણજીના લોક પ્રતિનિધિ તરીકે ન ભૂતો ન ભવિષ્યતિ જેવી દશાંગુલ ઉફરી છાપ છોડી. મનોહર પારિકરે ભ્રષ્ટાચારી રાજકારણીઓ વિરુદ્ધ રીતસરની ઝુંબેશ ઉપાડી હતી. ભલે વહીવટનો અનુભવ ન હોય - પરંતુ એમની કોઠાસૂઝ અને માનવીય અભિગમને કારણે સીધો જ મુખ્યમંત્રી પદનો કાર્યભાર સંભાળ્યો ત્યારે ગોવાની શિકલ બદલી શકયા હતા. ગોવા જેવા નાના રાજયના યુવાન નેતાએ એમની સાદગી, પ્રામાણિકતા અને કર્મઠતાના જોરે રાષ્ટ્રીય સ્તરે કાઠું કાઢ્યું હતું અને વડાપ્રદાન નરેન્દ્ર મોદીએ એમને દેશના સંરક્ષણ પ્રધાન જેવી મહત્ત્વની જવાબદારી સોંપી એમાં પમ તેઓ ખૂબ જ સફળ રહ્યા હતા. કાશ્મીર પ્રશ્ન હરહંમેશ પજવણી થતી રહેતી તેમ છતાં ઈશાનિયાં રાજયોમાં પણ ભાંગફોડિયા તત્ત્વો દ્વારા આતંકવાદી પ્રવૃત્તિ ચાલ્યા કરતી હતી. લશ્કરની ત્રણે પાંખોને આધુનિક બનાવવાની સાથે રક્ષામંત્રી પારિકરે સર્જિકલ સ્ટ્રાઈકના શ્રીગણેશ કરીને ભારતીય સેનાની તાકાતનો પરચો બતાવ્યો હતો. તબિયત લથડતાં એમને ફરી પાછા ગોવાના મુખ્યમંત્રીની જવાબદારી સોંપાઈ હતી જે એમને ફરી પાછા ગોવાના મુખ્યમંત્રીની જવાબદારી સોંપાઈ હતી જે એમને પૅનક્રિયાસના કેન્સર જેવી અસહ્ય પીડા વચ્ચે છેલ્લા શ્વાસ પર્યંત બહુ જ ઈમાનદારીપૂર્વક અદા કરીને એક જબરદસ્ત ઉદાહરણ પેશ કર્યું છે. નાકમાં ટ્યૂબ લઈને તથા અશક્તિને કારણે બીજાનો ટેકો લઈને ફરતા ભારતીય મુખ્યમંત્રી એક બેમિસાલ લોકનેતા તરીકે જીવ્યા અને મૃત્યુ સામે ઝઝૂમીને પણ પોતાની ફરજ અદા કરતા રહ્યા. વીવીઆઈપી વળગણોથી જોજનો દૂર એવા મનોહર પારિકરને શાસક પાર્ટી જેટલું જ સન્માન વિપક્ષી નેતાઓ આપતા રહ્યા છે. છેલ્લે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ એમની ખબર પૂછવા ગયા હતા, જો કે રાફેલ ફાઈલો અંગોની ચર્ચામાં એમનો નામોલ્લેખ કરતાં પારિકરને આકરું નિવેદન કરવાની ફરજ પડી હતી. વડાપ્રધાન મોદી માટે પારિકર એક મસમોટી અસ્કામત હતા. એમની સાદગી અને ઈમાનદારી ઉપરાંત વહીવટી કાર્યદક્ષતાને કારણે પારિકર એક જીવતી જાગતી દંતકથા બની ગયા હતા. આવા અણિ શુદ્ધ લોકનાયકોની દેશને ખૂબ જ જરૂર છે ત્યારે અસાધ્ય કેન્સરની બિમારીનો અકાળે ભોગ બની ગયેલા આ નમૂનારૂપ નેતાને રાષ્ટ્રીય સન્માન સાથે વિદાય આપવાનો વડાપ્રધાન મોદીનો નિર્ણય પ્રશંસાપાત્ર છે. એવો નિર્ણય કેન્દ્ર સરકારે લીધો છે જે કાબિલેદાદ છે. કદાચ આ પહેલા જ મુખ્યમંત્રી હશે જેમના નિધનથી રાષ્ટ્રીય શોક પાળવામાં આવશે અને દેશભરમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઢીએ ફરકાવશે, મનોહર પારિકરને મરણોપરાન્ત 'ભારત રત્ન' જેવું બહુમાન એનાયત થાય તો પણ તે યોગ્ય જ લેખાશે. ઊજળા દૂધ જેવું ચરિત્ર ધરાવતા આવા નેતાની અકાળે થયેલી એક્ઝિટ ખરે જ રાષ્ટ્ર માટે કદીય ન પુરાય એવી ખોટ છે. આપણે દિવંગત આત્માની શાંતિ માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ. ઈશ્વરને પ્રાર્થના કરીએ કે દેશને પારિકર જેવા સાદા, ઈમાનદાર, પારદર્શક વડાપ્રધાન આપે !

...ને પ્રેમનો દીપ પ્રજ્વળ્યો

અજવાળું - અજવાળું
તુષાર જોશી

"લાલ ગોપાલ ગુલાલ હમારી
આંખિન મેં જિન ડારો જૂ..."

મંચ પરથી શહેરના જાણીતા ગાયકના સ્વરમાં ગીત પ્રસ્તુત થઈ રહ્યું હતું. બરાબર એ જ સમયે આરતી એન અસીમ પ્રથમ હરોળના એક છેડે પહોંચ્યા. 'હમણાં ઊભા રહીએ, ગીત પૂરું થાય પછી બેસવા જઈએ.' આરતીએ અસીમને કહ્યું... બંને ઊભા રહ્યા, ગીતને માણતા રહ્યા.

કલાકારનું સન્માન જળવાય એમ ઊભા રહ્યા... ગીત પૂરું થયું અને હળવે હળવે ચાલીને પ્રથમ હરોળમાં એમની નિર્ધારિત બેઠક પર ગોઠવાયા. આજુબાજુમાં મિત્રો બેઠા હતા એમને હાય હલ્લો કર્યું ના કર્યું અને આરતીના કાન સરવા થયા, તુરંત સ્ટેજ પર નજર ગઈ...

કાર્યક્રમ સંચાલકનો ઘેઘુર - સૌમ્ય અને ભાવપૂર્ણ અવાજ એને આકર્ષિત કરી ગયો... અને સ્ટેજ પર નજર પડી તો ખ્યાલ આવ્યો કે અરે આ તો, આ તો અનુજ... એકીટસે એ અનુજ સામે જોતી રહી. ગવાઈ ગયેલા ગીત અને હવે રજૂ થનારા ગીત વચ્ચે ભૂમિકા બાંધી રહ્યો હતો અનુજ... શહેરની જાણીતી અને પ્રતિષ્ઠિત કલબમાં હોળી-ધૂળેટીના તહેવાર નિમિત્તે રંગ પર્વ નિમિત્તે રસીલા ગીતોના કાર્યક્રમનું આયોજન થયું હતું. મુંબઈથી આવનારા કલાકારોની યાદીમાં કયાંકે અનુજની તસ્વીર કે નામ ન હતું. અને હીં એ શૉ કોમ્પેર કરી રહ્યો હતો. અનુજને પણ આરતીની ઉપસ્થિતિની જાણ પણ થઈ ગઈ હતી, આ વાતનો અણસાર આરતીને પણ આવી ગયો તો... અને વાતમાં ને વાતમાં અનુજે એક કાવ્ય પંક્ત કહી...

રંગ એક પણ લાવ્યો નહિં હું
મૂઠી કે ખિસ્સામાં,
સ્હેજે કોરી ના રહી
ગઈ તું
રંગ તણા કિસ્સામાં

અને એ સાથે જ આરતી જાણે સ્વપ્નમાં ગુમ થઈ ગઈ... સ્ટેજ પરથી અનુજના સ્વરમાં એ કાવ્ય પઠન કરી રહ્યો હતો અને આ તરફ વાતાવરણમાં ગુંજતા સંગીત અને ગુલાલની છોળો વચ્ચે આરતી અઢી દાયકા પાછળ - કૉલેજના દિવસોમાં પહોંચી ગઈ હતી.

હોળી-ધૂળેટીનો તહેવાર એને બાળપણથી પ્રિય હતો. મમ્મી-પપ્પા-ભાઈ અને બા-દાદા સાથે હોળી માતા પ્રગટે ત્યારે એમાં શ્રીફળ હોમવાનું, ધાણી-ખજૂરનો પ્રસાદ ચઢાવવાનો, હોળી માતા ફરતે જળ ચઢાવવાનું અને પ્રસાદ લેવાનો. બીજા દિવસે ચા-નાસ્તો થયો નથી અને સોસાયટીના મિત્રો આવી પહોંચે પાણીથી ભરેલી પીચકારીઓ - ફુગ્સાઓ અને કલર તથા ગુલાલ લઈને... ધમાલ ધમાલ થઈ જાય, એકબીજા પણ પાણીની ડોલ રેડાય, પછી મ્યુઝિક વાગે, કૉલેજના ફ્રેન્ડસ આવે, એમની સાથે બાઈક પર વળી બીજા મિત્રોને રંગવા જવાનું ને ઢળતી બપોરે બે-ત્રણ કલાકે બાથરૂમમાંથી નહાઈને બહાર આવવાનું... તોયે રંગોના છાંટણા તો શરીર પર કયાંક કયાંક રહી જ ગયા હોય. દર વર્ષે આવી જ ધમાકેધાર ધૂળેટી આરતી ઉજવતી... મોડી રાત્રે સાથે મળીને ભોજન કરતા.

આવી જ એક ધૂળેટીના પર્વે અનુજ પહેલીવાર એના ઘરે આવ્યો હતો. કોઈ પરિચય નહિ, કોઈ કોમન ફ્રેન્ડનો બહારગામથી આવેલો ફ્રેન્ડ હતો. એવી ખબર પાછળથી પડી હતી. પણ એ દિવસે 'બુરા ના માનો હોલી હૈ...' કહીને મિત્રોએ - સખીઓએ આરતીને રંગોથી રંગી નાખી હતી - પાણીથી ભીંજાવી દીધી હતી. એ સમયે આરતીએ નોંધ્યું હતું કે પળ પળ ગંદી કે વિકૃત નજરે નહિ, પ્રમ ભરેલી આંખોથી અનુજ એને નિહાળઈ રહ્યો છે.

બંનેની આંખોમાંથી જાણે દુનિયા આખીના અબીલ ગુલાલ ઊડીને એક બીજાને રંગી રહ્યા હતા... કેસુડાના ફૂલો ઓગળેલા પાણીની પિચકારી જાણે દેહને નહિ હૃદયને ભીંજવી રહી હતી. આરતીએ લગાડ્યો એના ગાલમાં ગુલાલ... અને ત્યારે અનુજ આરતીની આંખોમાં આંખો મેળવી બોલ્યોહતો. પેલી કાવ્ય પંક્તિ... પહેલો પ્રેમ - પહેલો નશો - કોઈક મને અને હું કોઈને ચાહી શકુંનો ભાવ આરતીના હૃદયમાં એ પળે પહેલીવાર પ્રગટ થયો.. એ પછી અનુજ ગામના આવ્યો હોય તો વર્ષમાં એકાદ-વાર મુલાકાત થાય. પછી તો આરતીના લગ્ન થઈ ગયા અસીમ સાથે... કયારેક આરતીએ જાણવાની કોશિશ કરી તો ખબર પડી કે મુંબઈમાં રહીને - લગ્ન કરીને અનુજ સુખી છે ને એની ગાયિકા પત્ની સાથે દેશ-વિદેશમાં કાર્યક્રમો કરે છે.

આજે આટલા વર્ષે સાવ અચાનક એને જોયો, યાદગાર બની ગયેલી એની કાવ્ય પંક્તિ એના જ સ્વરમાં, શોના ભાગ રૂપે પણ પોતાને જ કહેવામાં આવી છે એની અનુભૂતિ આરતીને થઈ ત્યારે એક નિર્દોષ સાહજિક - સરળ - પ્રેમ પ્રગટ જેનાથી થયો ધૂળેટીનું રંગપૂર્વ વધુ રંગીન બની ગયું. કાર્યક્રમ પુરો થયે અસીમને લઈને અનુજને મળવા પણ ગઈ ને બીજા દિવસે સવારે બ્રેક ફાસ્ટ માટે ઘરે પણ બોલાવ્યો ત્યારે રંગ પર્વના છાંટણા થયા ને પ્રેમના દીવડાનું અંજવાળું થયું.

પરીક્ષા આવશે અને જશે ... પણ પછી વેકેશન આવશે?

વિચારયાત્રા
ડો. જય ઓઝા

વાર્ષિક પરીક્ષાનો દોર ચાલુ થઈ રહ્યો છે, અને ત્યાર પછી વિદ્યાર્થીઓને ખાસુ દોઢેક મહિનાનું વેકેશન પડશે. બે ધારાવાહિક વચ્ચે જાહેરાતનો બ્રેક આવે તેમ બે ધોરણ વચ્ચે નાનકડો અંતરાલ વિદ્યાર્થીઓને મળશે આવનારા વર્ષ માટે ફરી ફેફસામાં શ્વાસ ભરવાનો સમય મળે છે. જેથી આખું વર્ષ દોડતા ફાવે. અત્યારે મને અમારી વખતે થતા વેકેશન અને અમારા દ્વારા થતા પ્લાનિંગ યાદ આવે છે. વેકેશન પડે કે તરત જ દાદા-દાદીના ઘરે જવાનું નક્કી હોય. કાકા-મામાના દીકરા-દીકરીઓ સાથે એટલે કે અમારા પિતરાઈઓ સાથે વેકેશનમાં નવો વેપાર, પત્તા, ઈષ્ટો વગેરે રમતો બપોરના સમયે તડકો હોય ત્યારે ઘરમાં બેસીને રમતા તે યાદ આવે છે, અને સવારનો સમય ક્રિકેટ ટીચતા તે યાદ આવે છે, વળી સાંજે મેદાનની રમતો, દોડપકડ, નાગોલચુ, થપ્પો, સાંકળ સાતતાળી, એવી ઘણી રમતો રમતા, વેકેશનના દરેક સોનેરી દિવસોનું અમારું આ સમયપત્રક હતું અને વળી સ્કૂલ ખૂલી જાય પછી અઠવાડિયા પછી અમે સ્કૂલ જતા. શરુઆતમાં કોઈ સ્કૂલમાં કોઈ ભણાવે નહીં. તમતમારે રમો, અમારા વડીલો જ અમને સગવડ કરી આપતા.

અને આજે, વેકેશન પડ્યું ન હોય ત્યાં જ બાળક શું કરશે તેનું પ્લાનિંગ બાળક નથી કરતો, તેના માતા-પિતા નક્કી કરી નાખે છે. સંતાનને કયાં કેમ્પમાં જવાનું છે તે નક્કી થઈ ગયું હોય, સવારે સ્વિમિંગમાં, બપોરે ડ્રોઈંગમાં, સાંજે સ્કેટિંગમાં અને વધેલા સમયમાં નૃત્ય અને સંગીતના વર્ગો ભરવાના હોય તો તે ખરા જ ! અને થાય છે પણ એવું જ રજાઓ શરૂ થાય કે તરત જ નિત-નવા હોબી કલાસ અને સમરકેમ્પ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળે છે.

પોતાના સંતાનનું મંતવ્ય છે ? તે વેકેશન દરમિયાન શું કરવા માંગે છે? તેની કોઈ ગણતરી જ નહીં ! એમાં વળી તેને શું ખબર પડે ! એ તો છોકરું છે ! અમે તો તેના ભલા માટે જ કરતા હોઈએ ને!

વિશાલે ફોન કરીને તેના મામાને કહ્યું, 'મામા આ વખતે હું વેકેશનમાં વડોદરા આવીશ, ત્યારે મને આજવા-નિમેટા લઈ જજો, એકાદ દિવસ પાવાગઢનો પ્રોગ્રામ બનાવજો. અને હા ! બરોડા પેલેસ દેખાડજો.' ત્યાં જ મમ્મીનો મક્કમ અવાજ આવ્યો. 'વિશાલ તારે કાલથી સમરકેમ્પમાં જવાનું છે. માઉન્ટેનરીંગ શીખવાનું છે.' કોણ જાણે કે કેમ તેને રોજ પહાડો સર ન કરવાના હોય !

આ એક વિશાલની વાત નથી, કેટલાય વિશાલની દશા આવી જ થાય છે.

આવા કેમ્પ અને કલાસથી ફાયદા અને ગેરફાયદા બંને છે, વિભક્ત કુટુંબમાં મા-બાપ બંને નોકરી કરતા હોય, દાદા-દાદીની ઘરમાં ગેરહાજરી હોય, જેઓ વાર્તા કહે, બાળકો સાથે રમે, વહાલ કરી સુવડાવે, આવું વાતાવરણ ન મળતા બાળક શૂન્યાવકાશ અનુભવે છે. અને આથી માતા-પિતા એમ સમજે છે કે આવા કોઈ કલાસ કે કેમ્પમાં મોકલવાથી તેમને ચેન્જ મળશે. આનંદ મળશે. પણ જે મજા દાદીના ખોળામાં સૂઈને વાર્તા સાંભળવામાં છે એની મજા મનાલીની વાદી જોવામાં બાળકને નથી આવતી.

અને આના કારણે સંતાનની ધીરે-ધીરે સ્વજનો પ્રત્યેની આત્મીયતા ઓછી થવા લાગે છે, શાળાના કલાસ અને કેમ્પ, કમ્પ્યૂટર, ટી.વી.માં માતા-પિતા જ તેને ધકેલી દે છે એટલે તેમની બાળસહજ નિર્દોષતાના ખૂની તો સ્વયં મા-બાપ જ છે, અને અહીં કશું જ નિર્દોષ નથી! તમામ શાળાઓ બંધ કરી દેવાનું મન થાય તેવી શિક્ષણ પદ્ધતિ થઈ ગઈ છે. સ્કૂલમાંથી સંતાનો પાછા વળે છે, 'હાશ છૂટ્યા !' એવા મનોભાવ સાથે. અરે આવીને જે રીતે લોકો દફતર ફંગોળે છે, તેમના આ વર્તન પરથી તમને ખ્યાલ આવે કે તેમની માનસિક તાણ કેવી હશે !

નિરાંત શબ્દ તેમના શબ્દકોષમાં નથી, તેઓ સમયપત્રકના ગુલામ થઈ ગયા છે, નાસ્તો કરે છે માણતા નથી, મોઢામાં કોળિયો મૂકે છે પણ વિચાર હોમવર્કનો કરતા હોય છે. સ્કૂલમાંથી છૂટીને ઘરે આવ્યા પણ પાછળ - પાછળ સ્કૂલ પડછાયાની જેમ હોમવર્કરૂપે આવે છે અને સંતાન નર્યું રોબોટ બની જાય છે, આંધળો પાટો, પક્કડદાવ જેવી મેદાની રમતો રમીને શ્રમ નહીં કરવાનો પણ કમ્પ્યૂટર પર ગેમ્સ રમવામાં રમમાણ રહેતા બાળકો મશીન બની ગયા છે, આ સમયે મિનાક્ષી પંડિતનું કાવ્ય ટાંકવાનું મન થાય છે.

સ્કૂલમાં મારા દીકરા-દીકરી આવીને
જે રીતે પોતાનાં દફતર ફંગોળ છે.
એ જોઈને હું દંગ રહી જાઉ છું.
હું પરાણે એમને બહાર રમવા જવાનું
કહું છું, તો તેઓ મારા પર વરસી પડે છે,
"અમારું લેસન પૂરું કરી લેવા દો,
નહીં તો અમને WWE જોવા નહીં મળે."
હું એમને બહાર જઈને આંધળો પાટો, પક્કડદાવ, કબડ્ડી, ગિલ્લી દંડો રમવા કહું છું તો
એમના ચહેરા પર મસમોટુ પ્રશ્નાર્થ ચિહ્ન જોવા મળે છે
મમ્મી આ બધું શું બકી રહી છે ?
લાગે છે આપણે આપણી જૂની રમતોનું એક પુસ્તક છપાવવું પડશે અથવા
એની સીડી તૈયાર કરાવવી પડશે !
બાળકો કદાચ કમ્પ્યુટર સામે બેસી રમતો શીખી તો શકે !

કાનમાં કહું :

'બાળકોના આપણે ઋણી છીએ કારણ કે આપણે એની પરવાની લીધા વિના જ તેને જન્મ આપી દીધો છે.'

- વિલિયમ હંટર

- jayuoza@gmail.com,
Mo. 9898046488

યુવાનીમાં આજે આનંદનો માર્ગ નહીં શોધો તો કાલે કદાચ બહુ મોડુ થઈ જશે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

યુવાની જીવનમાં નવું શિખવાનો સૌથી મોટો તબક્કો છે. યુવાની શિખવાડે છે જ્યારે વૃદ્ધત્વ સમજાવે છે. યુવાની એટલે આનંદનો માર્ગ સંશોધિત કરવાનો અદભુત સમય. યુવાની સૌથી સમજદાર એટલે હોય છે કે, એનામાં હંમેશા નવા મુદ્દાઓ ઝીલી લેવાનો થનગનાટ હોય છે. યુવાનીમાં ભરપુર આનંદ લેવાનો હોય. આજે અને આ પળે તમે જેટલા યુવાન છો એટલા ભવિષ્યમાં ક્યારેય નથી રહેવાના.

યુવાની એટલે લક્ષ્ય નિર્ધારીત કરવાની ઉત્તમ વય. જો યુવાનીમાં કોઈ લક્ષ્ય નક્કી ન કરવામાં આવે તો જીવનના મેદાનમાં આમ તેમ દોડા દોડી કરી સમય પૂરો થઈ જશે અને આખા જીવન કાળમાં કોઈ ગોલ કરી નહીં શકાય.

ગાંધીનગર શહેર પાસે આવેલા વાવોલના પચીસ ત્રીસ યુવાનોએ ભેગા થઈને આનંદ કરવાનો અનોખો માર્ગ અપનાવ્યો છે. આ યુવાનોએ હેપ્પી યુથ ક્લબ બનાવી પોતાનો અને સમાજ માટે આનંદના પ્રાપ્તિ સ્થાનો ખોળી કાઢ્યા છે. ક્યારેક વડીલો માટે આનંદ શિબિર તો ક્યારેક સ્મશાન સફાઈ, તો વળી કોઈ દિવસ હરતી-ફરતી લાઈબ્રેરી અને સફાઈના આનંદ જેવા વિવિધ કાર્યક્રમોથી આ યુવાનો એમની યુવાનીના આહલાદનો આસ-પાસ, ચોપાસ સૌ કોઈને અનુભવ કરાવે છે.

હેપ્પી યુથ ક્લબના ઉત્સાહથી ભરેલા યુવાનો ભાઈ સમીર રામી, સંજય અને ગૌરાંગ કહે છે કે, અમારા સંગઠનમાં કોઈ પ્રમુખ કે પદ, પ્રતિષ્ઠા નથી. અમે તો મનની મોજના માર્ગે મહાલીએ છીએ. અમે બધા મિત્રો મળીએ અને જ્યારે જે મિત્ર આનંદ માટેનો કોઈ વિચાર રજૂ કરે ત્યારે તે કાર્યક્રમની જવાબદારી એને સોપીને એ કાર્યક્રમ પૂરતો એ મિત્રને લીડર બનાવી દઈએ છીએ. પછી બધા જ સાથીઓ એ મિત્રની દોરવણી મુજબ મોજ કરીએ છીએ.

તાજેતરમાં જ આ યુવાનોએ વાવોલની સોસાયટીના બસો જેટલા વડિલો માટે એક દિવસની આનંદ શિબિર યોજી. આખો

દિવસ વડિલો સાથે હસ્યા, રમ્યા, આરોગ્ય જાળવણી માટે તજજ્ઞ તબીબો અને યોગ પ્રશિક્ષક સાથે વડિલોનો વાર્તાલાપ યોજ્યો. વડિલોને જોમ અને જુસ્સાથી જીવન જીવવા માટે દમદાર વિચારોના સેશન રાખ્યાં.

સલામ છે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ અને હેપ્પી યુથ ક્લબના સમીર, સંજય અને ગૌરાંગ જેવા આ ત્રીસ યુવા મિત્રોના વિચાર અને આચારને. યુવાનીમાં સકારાત્મક દ્રષ્ટિકોણના સાક્ષાત્કારની સોચમાં મોજ કરતા આ યુવાનોએ એમની યુવાનીને સાચા અર્થમાં આનંદના માર્ગે વાળી છે.

ફ્રાન્સના દાદુ કવિ અને નવલકથાકાર, પ્રસિદ્ધ નાટ્ય લેખક વિકટર હ્યુગો તેમના ભાવનાત્મક લખાણોથી સમગ્ર વિશ્વમાં જાણીતા છે. હ્યુગો કહે છે કે, ચાલિસની ઉંમર વૃદ્ધત્વની યુવાની છે. પચાસની ઉંમર વૃધ્ધાવસ્થાની યુવાની છે. જીવનના સાચા આનંદની ખોજ યુવાનીમાં થાય એ જરૂરી છે.

સત્યનિષ્ઠાથી કરેલા કાર્યોના સત્વની ચમક અલગ હોય છે. એક અંધારી ઘોર અને વિકટ એવી વિકરાળ સુરંગમાંથી દસ-બાર યુવાનો પસાર થતા હતા. એમને પગમાં કાંકરા વાગતા હતા. આ યુવાનોએ નક્કી કર્યું આપણને પગમાં કાંકરા વાગે છે તો આપણા પછી આવનારા લોકોને એ ન વાગે એવુ કંઈક કરવુ જોઈએ. એ બધાએ નક્કી કર્યું ભલે અંધારૂ હોય, કશુ પણ દેખાતુ ન હોય પણ પગમાં જો કાંકરો વાગે તો એ ઉઠાવી લઈએ અને ભેગા કરી બહાર નાખી દઈએ. સુરંગની બહાર નીકળી આ કાંકરા દૂર ફેંકી દેવાથી આપણા પછી સુરંગમાં આવનારાને કષ્ટ નહીં પડે.

અંધારામાં કશું દેખાતું ન હતું એટલે જેને જેટલાં પથ્થરો વાગ્યાં એ ઉપાડી લેવાનું શરૂ કર્યું. સુરંગ પસાર કરીને જ્યારે આ યુવાનો સૂર્ય પ્રકાશમાં આવ્યા ત્યારે જોયું તો જેને કાંકરા સમજી ઉઠાવેલા એ તો સાચા હિરા હતા. જેણે સચ્ચાઈને અચ્છાઈથી ધોઈને અપનાવીને વધુ કાંકરા ઉઠાવ્યા એને વધુ હીરા મળ્યા. જેણે લુચ્ચાઈથી કાંકરા ન ઉપાડ્યા એ એના કર્મને કોસતા રહ્યા. ચાણક્ય કહે છે કે, દુનિયાની સૌથી મોટી શક્તિના સ્ત્રોત બે છે એક યુવાની અને બીજું નારીની સુંદરતા. યુવાનીની તાકાતને બીજાના આનંદ સાથે વહેંચવાના માર્ગે વાળવાનો સંકલ્પ જ આનંદની પ્રાપ્તિનો મહાયજ્ઞ છે.

યુવાનીમાં સૌથી મોટી વિચારધારા એ હોય છે કે, કોઈનાથી વધુ સારું કરવાથી કોઈ ફરક પડતો નથી પણ કોઈનું સારું કરવામાં આવે તો બહુ મોટો ફરક પડતો હોય છે. જવાની એક શમણા જેવી હોય છે. આ સમયગાળામાં રાસાયણિક ગાંડપણ થતું હોય છે. એક દિવાથી હજારો દિવડા પ્રજ્વળી શકે છે. જે દિપકથી બીજા દિવડા પ્રગટાવવામાં આવ્યા હોય છે એનો પ્રકાશ ક્યારેય ઓછો નથી થતો. એ જ રીતે બીજાના આનંદની જ્યોતને પ્રજ્વલિત કરવાથી પોતાના આનંદની જ્યોત વધુ પ્રકાશિત થતી હોય છે. માણસનું મન એના આનંદનો સૌથી મોટો સ્ત્રોત છે. જેવું વિચારવામાં આવે એવું જ લક્ષ્ય નિર્ધારણ થતુ હોય છે. મન સંસ્કારોના સમૂહનું પોટલું છે અને આદતોનો અખાડો પણ છે. મનની મોજનો માર્ગ નક્કી કરવાનો શ્રેષ્ઠ સમય યુવાની છે. કોઈના આનંદ માટે કરવામાં આવેલા નાના સરખા પ્રયાસથી મોટી બીજી કોઈ શકિત નથી.

ધબકાર :
સાચો આનંદ ત્યારે જ થાય
જ્યારે એ બીજા સાથે વહેંચવામાં આવે.